Received on : 29-05-2026
Registered on : 29-05-2026
Decided on : 12-06-2026
Duration : Y M D
- - 14

## જૂનાગઢના મે.છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,
## મુ. જુનાગઢ

**ફોજદારી પરચુ.અરજી નં.૪૩૭/૨૦૨૬.**

આંક-

**અરજદાર/આરોપી.** હરદાસભાઈ પુંજાભાઈ પરમાર,
ઉ.વ.આ.૩૭, ધંધો-કોન્ટ્રાકટર,
રહે.જેતપુર રોડ, ત્રણ ખુણીયા હાઉસીંગ બોર્ડ
કોલોની, મકાન નં.૫૬, નિલેશભાઈ રાપરીયાના
મકાનમાં, ગોંડલ.
હાલ - જીલ્લા જેલ જુનાગઢ.

**-:: વિરૂધ્ધ ::-**

**સામાવાળા.** શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ.

**વિષય:-** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૩ હેઠળ વચગાળાની જામીન અરજી.

**ગુન્હો :-** બી.એન.એસ.ની કલમ-૩૧૭(૨), ૩૧૭(૪), ૬૧(૨) તથા આઈ.ટી.એકટ-૬૬(ડી) મુજબ.

**સંદર્ભ :-** જૂનાગઢ એ. ડીવીઝન પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં.૧૧૨૦૩૦૨૩૨૫૧૨૪૬ / ૨૫.

---

અરજદાર/આરોપી તરફે :વિ.વકીલશ્રી કે.એચ.ધામાણી
સામાવાળા શ્રી સરકાર તરફે :વિ.એડી.પી.પી.શ્રી એન.કે.પુરોહીત

---

**-: ઠ રા વ :-**

(૧) હાલની અરજી અરજદાર/આરોપીએ જૂનાગઢ એ. ડીવીઝન પોલીસ સ્ટેશન ગુન્હા રજી.નં.૧૧૨૦૩૦૨૩૨૫૧૨૪૬/૨૫, બી.એન.એસ.ની કલમ-૩૧૭(૨), ૩૧૭(૪), ૬૧(૨) તથા આઈ.ટી.એકટ-૬૬(ડી) મુજબના ગુનાના કામે જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, વચગાળાના જામીન ઉપર મુકત થવા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૩ અન્વયે આ રેગ્યુલર જામીન અરજી કરેલ છે.

(૨) અરજદાર/આરોપીની અરજી સંબંધે શ્રી સરકારશ્રીને નોટીશ કરતા સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એન.કે.પુરોહીતનાઓ હાજર થયેલ છે અને આંક-૦૫ થી તપાસ કરનાર અમલદાર શ્રી એસ.કે.દેસાઈ, પોલીસ ઈન્સ્પેકટર, એ.ડીવી. પોલીસ સ્ટેશન જૂનાગઢનાઓનું સોગંદનામું રજુ રાખેલ છે.

(૩) આ કામે અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી કે.એચ.ધામાણીનાઓએ જામીન અરજી મુજબની રજુઆત કરી જણાવેલ છે કે, આ કામના અરજદાર/આરોપીને જૂનાગઢ એ. ડીવીઝન પોલીસ સ્ટેશન ગુન્હા રજી.નં .૧૧૨૦૩૦૨૩૨૫૧૨૪૬/૨૫, બી.એન.એસ.ની કલમ-૩૧૭(૨), ૩૧૭(૪), ૬૧(૨) તથા આઈ.ટી.એકટ-૬૬(ડી) મુજબના ગુનાની ફરીયાદ આપવામાં આવેલ છે. વધુમાં અરજદાર/આરોપીએ ગુનામાં કોઈ ભાગ ભજવેલ નથી. હાલના કામના અરજદાર/આરોપીએ ફરીયાદી કે ભોગબનનાર સાથે ફોન ઉપર વાતચીત કરેલ નથી કે, તેઓની પાસેથી પૈસા મંગાવેલ નથી. હાલના કામના અરજદાર/આરોપીએ કોઈની સાથે વિશ્વાસઘાત કે છેતરપીંડી કરેલ નથી. વધુમાં રજુઆત કરેલ છે કે, હાલના કામના અરજદાર/આરોપીએ પૈસા મંગાવેલ નહી કે તે રકમ મંગાવી કન્વર્ટ કરી અન્ય કોઈ આરોપીને મોકલેલ હોય તેવું પણ બનેલ નથી. વધુમાં અરજદાર/આરોપીએ પોતાના અંગત સ્વાર્થ માટે પૈસાનો ઉપયોગ

કરેલ તેવું પણ ફલીત થતું નથી. હાલના કામના અરજદાર/આરોપી ઘરમાં એકલા કમાનાર છે અને તેઓની પત્ની અને બાળકની જવાબદારી તેઓના ઉપર રહેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, અગાઉ પકડાયેલ આરોપી મોહનીસ ઉર્ફે નૈતીક સ/ઓ અશ્વિનભાઈ હરીભાઈ જોષીનાઓને નામ.ગુજરાત હાઈકોર્ટ ધ્વારા જામીન ઉપર મુકત કરવામાં આવેલ છે. જેથી હાલના કામના અરજદાર/આરોપીને પેરીટીનો લાચ આપી જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

(૪) જયારે સામાવાળા ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એન.કે.પુરોહીતનાઓએ જામીન અરજી સામે વાંધો હોવાનુ જણાવી રજુઆત કરેલ છે કે, આ કામે અગાઉ પકડાયેલ આરોપીની જામીન અરજી અત્રેની કોર્ટ ધ્વારા નામંજુર કરવામાં આવેલ છે. વધુમાં હાલના કામે સાયબર ફ્રોડની ખુબ મોટી રકમ રહેલ છે. વધુમાં આ કામે ચાર્જશીટ બાદ પણ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા અન્ય આરોપીની જામીન અરજી નામંજુર કરવામાં આવેલ છે. વધુમાં ગુનાની ગંભીરતા ધ્યાને લઈ હાલના કામના અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) બંને પક્ષોની રજુઆત, રેકર્ડ, તપાસ કરનાર અમલદાર એસ.કે.દેસાઈ, પોલીસ ઈન્સ્પેકટર, એ.ડીવી. પોલીસ સ્ટેશન જૂનાગઢનાઓનું આંક-૦૫ નું સોગંદનામું વંચાણે લીધું. ફરીયાદપક્ષની હકીકત જોવામાં આવે તો, આ કામના આરોપી નં.૧ અલીમહમદ ઉર્ફે આસીફ હબીબભાઈ હેબા તથા આરોપી નં.૨ અસ્લમ ઉર્ફે લાલો ઈબ્રાહીમભાઈ કુરેશી તથા આરોપી નં.૩ ઈમ્તીયાઝ ઉર્ફે બકરો ઈબ્રાહીમભાઈ હીંગોરજા તથા આરોપી નં.૪ કાજીમ મહમદભાઈ રાજસુમરા વાળાઓએ પોતે તથા પોતાના મળતીયાઓ આરોપી નં.૫ સાહીલ ગફારભાઈ સમા તથા આરોપી નં.૬ અજય ઉર્ફે કાનો મનુભા સોનાગરા તથા આરોપી નં.૭ અંજુમ છોટુભાઈ ચૌહાણ સીપાઈ તથા આરોપી નં.૮ અરબાજ ઈકબાલભાઈ કુરેશી તથા અરજદાર/આરોપી સાંઈ ઉર્ફે મંથન થોરાટ મરાઠી, નં.૧૦ કરીમ અહેમદ સીડા તથા

નં.૧૧ સાહબાજ જાફરભાઈ કુરેશી તથા નં.૧૨ મુસો હાસમભાઈ મુસાણી, રહે.જેતપુરવાળાઓ મારફતે બેન્ક એકાઉન્ટો મેળવી તેમજ જે કુલ પર એકાઉન્ટો મેળવી જે એકાઉન્ટોમાં સાયબર ફ્રોડ તથા ઓનલાઈન ગેમીંગના રૂપિયા જમા કરાવી જે રૂપિયાઓ જે તે એકાઉન્ટમાં ખાતા ધારકો અથવા મળતીયા માણસો ધ્વારા એ.ટી.એમ.અથવા ચેકથી વીડ્રો કરી રૂપિયાનું રોકડમાં રૂપાંતર કરી જે રોકડા રૂપિયા તમામ આરોપીઓએ પોતાનું કમીશન બાદ કરી બાકીના રૂપિયા આરોપી નં.૧ અલીમહમદ ઉર્ફે આસીફ હબીબભાઈ હેબાનાઓ ધ્વારા આરોપી ન.૧૩ રાજુ ઉર્ફે રામભાઈ ભાવનગરવાળાને આંગડીયા મારફતે મોકલતા તેણે તે રૂપિયાનું યુ.એસ.ડી.ટી.માં રૂપાંતર કરી આરોપી નં.૧૪ ઈરફાન જાદુગર રહે.દુબઈવાળાને મોકલી તમામ આરોપીઓએ પુર્વ આયોજીત કાવતરૂ રચી આર્થીક ફાયદો મેળવવા સારૂ મોટુ આંતરરાષ્ટ્રીય રેકેટ રચી તમામ આરોપીઓ તથા જુદા જુદા બેન્ક એકાઉન્ટના ધારકો પોતે પોતાના એકાઉન્ટમાં વારંવાર સાયબર ફ્રોડના રૂપિયા જમા થતા હોવાનું જાણતા હોવા છતાં અલગ અલગ માધ્યમથી સાયબર ફ્રોડથી મેળવેલ કુલ પર એકાઉન્ટમાં સાયબર ફ્રોડના કુલ રૂા.૯,૪૩,૭૦,૩૩૫ જમા કરાવડાવી જે રૂપિયા એકાઉન્ટ ધારક પોતે અથવા તેની સાથે સંડાવાયેલ ઈસમોએ બદદાનતથી મેળવી પોતાના આર્થીક ફાયદા સારૂ વિડ્રો કરી સગેવગે કરી બેન્ક એકાઉન્ટના ધારકો તથા તે તમામ આરોપીઓએ ગુન્હો કરેલાનો આક્ષેપ રહેલ છે.

(૬) આ કામનું રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો, આ કામના અરજદાર/આરોપીએ અગાઉ ફો.પ.અ.નં.૧૫૪/૨૦૨૬ થી ટેમ્પરરી બેઈલ મેળવવા માટે અરજી કરેલ જે નામંજુર કરવામાં આવેલ છે. હાલના કામના ગુનાની તપાસ પુર્ણ થઈ ગયેલ છે અને જેના સેશન્સ કેસ નં.૨૧/૨૦૨૬ રહેલ છે. હાલના કામના અરજદાર/આરોપીએ ગુનામાં ભવજવેલ ભુમીકા જોવામાં આવે તો, હાલના કામના અરજદાર/આરોપીએ પોતાની પેઢી જય વચ્છરાજ એન્જીનીયરીંગના એકસીસ

બેન્કના કરંટ એકાઉન્ટ નં.૯૨૪૦૨૦૦૪૯૮૬૩૮૩૬ માં બનાવના સમયગાળા દરમ્યાન રૂા.૧૭,૦૦,૦૦૨/– લેયર–૨ થી જમા થયેલ હોય અને તેમાં કુલ ૬ એન.સી.સી.આર.પી. ફરીયાદ દાખલ થયેલ તથા જય વચ્છરાજ એન્જીનીયરીંગના ઈન્સઈન્ડ બેન્કના કરંટ એકાઉન્ટ નં.૨૫૯૬૦૧૬૩૭૭૦૭ માં બનાવના સમયગાળા દરમ્યાન રૂા.૧,૨૫,૮૯,૫૪૪/– લેયર–૨ થી જમા થયેલ હોય જેમાં કુલ–૪૨ એન.સી.સી.આર.પી. પોર્ટલ ઉપર ફરીયાદ દાખલ થયેલ. આમ, બંને એકાઉન્ટમાં મળી કુલ રૂા.૧,૪૨,૮૯,૫૪૬/– ટ્રાન્સફર થયેલ છે. વધુમાં એકાઉન્ટ નં.૯૨૪૦૨૦૦૪૯૮૬૩૮૩૬ માં ફ્રોડના સમયગાળા દરમ્યાન કુલ અલગ અલગ ૧૫૭૫ જેટલા ક્રેડીટ તથા ડેબીટના ટ્રાન્જેકશનો મારફતે રૂા.૩૪,૨૨,૪૨૮/– ની આવક જાવક થયેલ છે તથા એકાઉન્ટ નં.૨૫૯૬૦૧૬૩૭૭૦૭ માં સદરહુ ફ્રોડના સમયગાળામાં ૩ દિવસમાં કુલ રૂા.૨,૦૨,૪૪,૬૪૨/– ની આવક તથા રૂા.૨,૦૨,૪૫,૦૫૯/– ની જાવક થયેલ છે. આમ, હાલના કામના અરજદાર/આરોપીના એકાઉન્ટમાં સાયબર ફ્રોડની ખુબ મોટા પ્રમાણની રકમનું ટ્રાન્જેકશન થયેલ હોવાનું ફલીત થાય છે. આમ, હાલના કામના અરજદાર/આરોપીએ ગુનામાં સક્રિય ભુમીકા ભજવેલ હોવાનું ફલીત થાય છે. વધુમાં હાલના કામના ગુનાની તપાસ પુર્ણ થતા ચાર્જશીટ થઈ ગયેલ હોય જેથી અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે. જો કે, હાલના કામના અરજદાર/આરોપી સામેનો આક્ષેપીત ગુનો તથા ગુનામાં ભજવેલ ભુમીકા ધ્યાને લેતા અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવાનું યોગ્ય અને ન્યાયીક જણાતું નથી. વધુમાં હાલના કામનો ગુનો ધ્યાને લેતા એક પ્રકારનો હિનીયસ પ્રકારનો ગુનો કરેલ છે. હાલના કામના અરજદાર/આરોપીએ પોતાના ખાતામાં સાયબર ફ્રોડના પૈસા આવેલ હોવાનું જાણવા છતાં તે પૈસ બૈન્ક એકાઉન્ટમાં જમા કરાવી તે રકમ તેક ધ્વારા વિડ્રો કરી તથા અન્ય એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી પોતાનું કમીશન મેળવી અન્ય આરોપીઓને સગેવગે કરી આર્થીક લાભ

મેળવેલ છે. વધુમાં હાલના કામના અરજદાર/આરોપીના એકાઉન્ટમાં એન.સી.સી.આર.પી.પોર્ટલ ઉપર ઘણી બધી ફરીયાદ આપવામાં આવેલ છે. જેથી પણ હાલના કામના અરજદાર/આરોપીના એકાઉન્ટમાં સાયબર ફ્રોડની ગુનાકીય પ્રવૃતિ આચરવામાં આવતી હોવાનું ફલીત થાય છે. વધુમાં હાલના કામના અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો અરજદાર/આરોપી આવા પ્રકારનો ગુનો કરવા ફરી વખત પ્રવૃતિમય થશે તેવી ફરીયાદપક્ષેની દહેશત નકારી શકાય તેમ નથી. વધુમાં અરજદાર/આરોપી તરફે જે રજુઆત કરેલ છે તે મોટાભાગની રજુઆત પુરાવાનો વિષય બની રહે છે જેથી હાલના તબકકે ગ્રાહય રાખી શકાય તેમ નથી. વધુમાં હાલના સમયમાં સાઈબર ફ્રોડના કિસ્સા દિનપ્રતિદિન વધતા રહેલ છે. વધુમાં કોઈપણ વ્યકિત પોતાના આર્થીક લાભ સારૂ પોતાનું એકાઉન્ટ ભાડેથી કે કમીશનથી સાઈબર ફ્રોડના નાણા જમા કરાવવા માટે પોતાનો આર્થીક લાભ મેળવવા માટે કોઈપણ પરીણામની પરવા કર્યા વિના પોતાનું એકાઉન્ટ આવી સાઈબર ફ્રોડની રકમ જમા કરાવવા માટે આપવામાં આવે છે અને ત્યારબાદ તે વ્યકિત ધ્વારા તેઓ ગુના બાબતે કશું જાણતા નથી તે બાબતે લુલો બચાવ લેવામાં આવતો હોય છે. હકીકતે આવા પ્રકારના ગુનો આચરવાના કારણે સમાજમાં રહેલ બાળકથી માંડીને વૃધ્ધો સુધીના લોકોના નાણા સાઈબર ફ્રોડીના સકંજામાં આવી જઈ નાણા ગુમાવતા હોય છે. ઘણા કિસ્સાઓમાં જે તે વ્યકિત પોતાની નિવૃતિ બાદની રકમ અથવા તો પોતાની મરણમુડી સાચવી રાખેલી હોય તે સાઈબર ફ્રોડનો ભોગ બનવાથી તેની સમગ્ર રકમ ખોઈ બેસતી હોય છે અને તે કારણસર ઘણા કિસ્સાઓમાં વ્યકિત ખુબજ આઘાતમાં પહોંચી જાય છે અને તે કારણસર આત્મહત્યા પણ કરતી હોય છે. આમ, આ કામનો ગુનો ધ્યાને લેતા તે સમાજ વિરોધી ગુનો રહેલ છે. વધુમાં આવા ગેરકાયદેસરની પ્રવૃતિમાંથી ઉદભવેલ નાણાનો દેશ વિરોધી પ્રવૃતિમાં ઉપયોગ થતો હોય છે તેમજ આવા નાણા એક આર્થીક પ્રકારનો ગુનો પણ રહેલ છે. જે દેશની

અર્થવ્યવસ્થાને પણ નુકશાન પહોંચાડે છે. આમ, આવા ગુના દેશ વિરોધી પ્રવૃતિ ગણી શકાય. તે સંજોગોમાં ગુનાની ગંભીરતા ઘણી વધી જાય છે. આમ, આ કામના અરજદાર/આરોપી સામેનો આક્ષેપિત ગુનો, ગુનાની ગંભીરતા ધ્યાને લેતા તથા ઉપરોકત ચર્ચા ધ્યાને લેતા અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવાના નિર્ણય ઉપર આવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

હાલના અરજદાર/આરોપી હરદાસભાઈ પુંજાભાઈ પરમાર,રહે.જેતપુર રોડ, ત્રણ ખુણીયા હાઉસીંગ બોર્ડ કોલોની, મકાન નં.૫૬, નિલેશભાઈ રાપરીયાના મકાનમાં, ગોંડલવાળાની જૂનાગઢ એ.ડીવીઝન પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧ ૨૦૩૦૨૩૨૫૧૨૪૬/૨૫, બી.એન.એસ.ની કલમ-૩૧૭(૨),૩૧૭(૪), ૬૧(૨) તથા આઈ.ટી.એકટની કલમ ૬૬(ડી) મુજબના ગુનાના કામની હાલની રેગ્યુલર જામીન અરજી આથી ''નામંજુર'' કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૨/૦૬/૨૦૨૬
જુનાગઢ.

**(અમિત રમેશભાઈ રાણા)**
છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ,
જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)